સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પ્રચારમાં ને બીજો પગ વિદેશમાં રાખેલ છે,
ખાધી પછડાટો, હારનાં પરિણામે ચાખેલ છે.
ગાફેલ છે તદ્દન સરહદી સીમાડા તરફ
પ્રજામાં પણ 'અવિશ્વાસ દરખાસ્ત' દાખલ છે.

હાઈકુ

બેસી ગ્યો કંઠ
આવ, મે-આવ કરી -
મોરલા થાક્યા !

વિદ્વતા વિના
રહી ન પાકટતા -
સભ્યો નાદાન...

ચિંતન

તાવજન્માતિ દુ:ખાય તથા દુર્ગતતા સદા ।
તત્રાતિ સેવયા વૃત્તિરહો દુ:ખ પરમ્પરા ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પહેલા તો આ સંસારમાં જમ થવો તે જ અત્યંત દુઃખકારક છે, તેમાંય ગરીબાઈ તો હંમેશા વિશેષ દુઃખદાયક છે, તેમાં પણ સેવા-ચાકરી કરીને જીવવું, એ તો દુઃખોની પરંપરા જ છે.

આપણે 'મુક્તિ' મેળવવા જ ધર્મ અને ભક્તિનું પાલન કરવું જોઈએ. મુક્તિ એટલે મરણ નહીં પણ ચોર્યાસીના ચક્કરમાંથી મુક્ત થવું તે છે - બીજીવાર હવે જન્મ જ ન થાય અને 'આત્મા' - પરમાત્મ સ્વરુપમાં લીન થાય - બ્રહ્મલીન થઈ જવાય એને જ 'મુક્તિ' કહેવાય.

સુવિચાર

- 'સ્વ' ના વિચારો કરીને અટકી જાય તે સ્વાર્થી,
  'સ્વ' ના વિચારો કર્યા પછી અન્યનું વિચારે તે 'પરમાર્થી' - **અમૃત બિંદુ**
- જેનો રક્ષણકર્તા સમર્થ છે તેનું સર્વ પ્રકારે કલ્યાણ જ થાય છે - **ટાગોર**
- દુનિયાનો જ્ઞાનરૂપે, શક્તિ સ્વરુપે અને આનંદરૂપે ખ્યાલ કરવો
  તેનું નામ જ માનવી બળવું કહેવાય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સત્યની બડાશ સ્ત્રી આગળ અટક નથી, જો સ્ત્રી ખરી હોય તો - **જનકલ્યાણ**
- 'વિવેક' નો અર્થ કરો લગામ, બાગડોર અથવા તો સ્ટિયરિંગ જીવનને
  યોગ્ય દિશામાં લઈ જવું તે જ વિવેક - **માનસસૂત્ર**
- માત્ર વસ્તુઓનો સંગ્રહ ન કરવો એ અપરિગ્રહ નથી. વિચારોનો સંગ્રહ પણ ઓછો કરવો તે પણ એક જાતનો અપરિગ્રહ છે. - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : કાળી કે લીલી દ્રાક્ષ દસ નંગ,
  દસ નંગ કાજુ સાથે ખાવાથી ગરમીથી થયેલી કબજિયાત મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જૂના જમાનામાં સત્તર વર્ષની કન્યાનો વિવાહ થવાનો હતો નદીના સામા કાંઠે તેનું સાસરું હતું જયાં તેને જવાનું હતું. વિવાહના પાંચ દિવસ પહેલા નદી કિનારે એની સખી સાથે કપડાં ધોવા ગઈ હતી ત્યાંથી ચાર બળદગાડી કપાસ ભરીને નીકળી, પેલી છોકલીએ સખીને કહ્યું, 'આ કપાસ જયાં જાય તે સામે કાંઠે મારું સાસરું છે.' સખીએ મજાક મજાકમાં કહ્યું, 'આ વાતની છોકરીના મન પર એવી તો અસર પડી કે તે બિમાર થઈ ગઈ. તાવ આવ્યો. લગ્નને બે દિવસ બાકી હતા.' વૈદની દવાની પણ અસર ન થઈ. એવામાં એક વડીલ મળ્યા અને માતાપિતાએ એમની મુશ્કેલી જણાવી. વડીલે છોકરીને પૂછ્યું કે શું થયું હતું ?' વાતવાતમાં છોકરીએ એની સખીએ જે બળદગાડાના કપાસ ને સાસરે કાંતવું પડશે તેમ જણાવ્યું' વડીલે કહ્યું જે તારી સખી છે તેને મળવું પડશે. વડીલે સખીને કાનમાં કહ્યું, 'જે રીતે તું તારી બહેનપણીને બે દિવસ પહેલાં નદી કિનારે લઈ ગઈ હતી. તેજ રીતે આજે લઈ જા, હું સાસરાવાળા ગામના નદીના કિનારે થોડો કચરો ભેગા કરીને આગ લગાવીશ. તારે તારી સખીને આગ બતાવવાની અને કહેવાનું કે જે બે દિવસ પહેલા કપાસ ભરેલી બળદગાડીઓ જોઈ હતી. તેમાં આગ લાગી છે.' વડીલના કહેવા પ્રમાણે નાટક ભજવાયું અને પેલી છોકરી તરત જ સાજી થઈ. એને માનસિક શાંતિ થઈ ગઈ કે હાથ કપાય બળી ગયો છે માટે હવે એને કપાસ કાંતવો નહીં પડે.

મહિલા આરક્ષણમાં રાજકારણ નહીં

તંત્રીસ્થાનેથી...

ઉંદર બિલાડીની રમતમાં આખરે તો ખોરી દાનત જ હોય છે. એમાં અંતે વધુ શક્તિશાળી પ્રાણીનો કોળિયો જ બની જવાનું હોય છે. સંસદમાં અદ્દલ આવી જ ઉંદર બિલાડીની હિંસક રમત શાસક એનડીએ અને માંડ પોતાનો અવાજ રજૂ કરી શકતા વિપક્ષોની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાણે છે કે એમની પાસે કોઈ પણ પડકારને પહોંચી વળવા જોઈતી બહુમતી છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત વેળાએ આ હકીકત ઊડીને આંખે વળગે એ રીતે બહાર આવી ચૂકી છે. હવે જયારે મુસ્લિમ મહિલાઓની તરફેણ કરતું ટ્રિપલ તલાક બિલ પસાર કરવા માટે શાસક પક્ષ જયારે આતુર છે ત્યારે કોંગ્રેસ ફિક્સમાં મુકાઈ ગયેલ છે. એક તરફ વક્ફ બોર્ડની કટ્ટરતા છે, એ કોઈ પણ સંજોગોમાં હદીસ અને શરિયતના હુકમો વિરુદ્ધ ભારતની સરકાર કોઈ કાયદો પસાર કરવા માગે તો એને માન્ય કરવા તૈયાર નથી અને કોંગ્રેસ માટે મુસ્લિમ મતદાર સમુદાય એક સંજીવની ગરજ સારતો રહ્યો છે - ત્યારે કોંગ્રેસ મહિલાઓ વિશેના પ્રગતિશીલ વિચારોનું સમર્થન ન કરે તો પણ એની પ્રતિષ્ઠા દાવ પર મુકાઈ જાય એમ છે. એટલે ટ્રિપલ તલાક અંગેના સુધારા વિધેયકનું સમર્થન કરવા સિવાય એની પાસે કોઈ જ વિકલ્પ બચતો નથી, પરંતુ એની પાસે પેલું બુદ્ધું થઈ ગયેલું મહિલા આરક્ષણ બિલ નામનું હથિયાર પડેલું ઍછે. ભારતીય જનતા પાર્ટી પર કહેવાતા પુરુષવાદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રભાવ હોઈ તે આ બિલ પરત્વે પહેલાંની જ ઉદાસીન રહેલ છે. વળી મુલાયમસિંહ અને લાલુ યાદવના નેતૃત્વ હેઠળના પ્રાદેશિક પક્ષો મહિલા આરક્ષણ બિલમાં પણ આરક્ષણ - સવિશેષ લઘુમતી સમુદાયની મહિલાઓને સમાવવાના મુદ્દે યુપીએ શાસનકાળમાં આ બિલનો ખુલ્લો વિરોધ કરતા રહ્યા છે. આથી જયારે હવે ભાજપ પાસે રાક્ષસી બહુમતી છે ત્યારે કોંગ્રેસના સમર્થન સાથે એ બિલ પસાર કરાવવું તે એનડીએ સરકાર માટે ડાબા હાથનો ખેલ હોવા છતાં ભાજપ એને સોદાબાજીનો ખેલ કહે તો યોગ્ય નથી. આ નર્યું રાજકારણ છે, ગંદું અને ગોબરું રાજકારણ છે. સામે પક્ષે કોંગ્રેસ ટ્રિપલ ટલાક બિલમાં ભરણપોષણ - ભથ્થાને શરત તરીકે મૂકે છે તે પણ રાજકારણનો જ ખેલ છે. આ ઉંદર બિલાડીના ખેલમાં બહુમતીના જોર પર મોદી ધાર્યું નિશાન પાડીને જંપવાના છે તેની ખાતરી હોવા છતાં કોંગ્રેસે મહિલા આરક્ષણ અને ગુજારા ભથ્થાની વાત કરીને શું સિદ્ધ કરવા માગે છે ?

ગુરુની કૃપાથી શિષ્યના પુરુષાર્થમાં પ્રેમનું - પ્રાર્થનાનું બળ ભળે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

કાશીમા રામાનંદજી સ્નાન કરવા જઈ રહ્યા હતા, નદીના ઘાટ પર પગથિયાં ઉતરતા એમનો પગ ત્યાં સુતેલા કબીર દાસને સ્પર્શી ગયો... એમના મુખથી રામ રામ શબ્દ નીકળ્યા... આ શબ્દને કબીરે દીક્ષા મંત્ર માની લીધો અને રામાનંદજીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા કબીર લખે છે, 'હમ કાશી મેં પ્રગટ હુએ, રામાનંદ ચેતાયે' કબીરે ગુરુ મહિનાના અનેક દોહો લખ્યા એમાના એકનું સહજ સ્મરણ ગુરુ પૂર્ણિમાના મહિનાગાન સમયે થાય

ગુરુ ગોવિંદ દોઉં ખડે, કા કે લાગું પાય,

બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાવ.

લોકોક્તિ કહે છે કે અષાઢ માસની પૂનમનો દિવસ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ દિવસ છે, અને એમણે માનવ જાતિને પ્રથમવાર વેદનું જ્ઞાન આપ્યું હતું, પહેલીવાર વેદ જ્ઞાન આપનારને પ્રથમ ગુરુ માનવામાં આવ્યા અને ત્યારથી આ દિવસ ગુરુપૂર્ણિમા રૂપે ભારતીય અધ્યાત્મ જગતમાં ઉજવાય છે.

ગુરુપૂજનની સમગ્ર વિધિ-પૂજન પણ નિર્દેશીત કરાયા છે જે શ્રદ્ધા આધારિત છે, અંધશ્રદ્ધા નહિ, ગુરુ પૂજનથી મનને શાંતિ અને આનંદ મળે છે.

માનવ માત્રના જીવનમાં, માહે એ કોઈ પણ ક્ષેત્રમાં કાર્યરત હોય, ગુરુનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. આપણા મન-મસ્તિષ્કમાં રહેલા અંધકારને, અજ્ઞાનને દૂર કરવાનું કામ ગુરુ કરે છે.

ગુરુ મહિમાથી ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ અને અધ્યાત્મ સભર છે. જેઓ ગુરુ પરંપરામાં માને છે એમના માટે ગુરુ સર્વોપરી છે. સમયના કોઈ પણ કાલખંડમાં ગુરુનું સ્થાન હિમાલયના શિખરો જેટલું ઊંચું અને પવિત્ર રહ્યું છે.

ગુરુપૂર્ણિમા હિન્દુઓનો એવો તહેવાર છે, જેમાં શિષ્ય પોતાના ગુરુઓ પ્રત્યે પૂજનીય ભાવ અને શ્રદ્ધા પ્રગટ કરેછે.

માતા-પિતા લાલન પાલન કરે છે, શિક્ષક વિદ્યા આપે છે અને ગુરુ જ્ઞાન આપે છે.

'ગુ' શબ્દનો અર્થ છે અંધકાર અને 'હું' શબ્દનો અર્થ છે પ્રકાશ... ગુરુ શિષ્યને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. ગુરુની કૃપાથી શિષ્યના પુરુષાર્થમાં પ્રેમનું - પ્રાર્થનાનું બળ ભળે છે.

મહર્ષિ વાલ્મિકીના ગુરુ નાદરજી, મહારાજા ચંદ્રગુપ્તના ગુરુ ચાણક્ય, છત્રપતિ શિવાજીના ગુરુ સમર્થ ગુરુ રામદાસ, સ્વામી વિવેકાનંદ ગુરુ રામકૃષ્ણ પરમહંસ જેવા કેટલાયે નામો એક પછી એક સ્મરણમાં આવે જયાં શિષ્યના જીવન ઘડતરમાં એમના અધ્યાત્મિક ગુરુએ બલુમૂલ્ય પ્રદાન કર્યું હોય. દુનિયાને જોવાની દૃષ્ટિ બદલી આપે છે ગુરુ. મહારાજા દશરથ અને તેમના ગુરુ વશિષ્ઠજીનું જીવન જોઈએ ત્યારે સમજાય છે કે ગુરુનું કાર્ય નૈતિક - આધ્યાત્મિક - સામાજિક અને રાજનૈતિક સમસ્યાઓનો હલ કરવાનું પણ છે.

ગુરુ શરીરથી - આંખ સામે હોય કે ના હોય, મનમાં સતત એનું સ્મરણ રહે તો, એની કૃપાની અનુભૂતિ રહે તો એક જ દિવસ નહિ, રાજેરોજ શિષ્ય માટે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ જ છે.

ગુરુપૂર્ણિમાનો તહેવાર એટલે અંદર ભીંજાવાનો ઉત્સવ, મૌન બનીને સમર્પિત થવાનો ઉત્સવ - ગુરુપૂર્ણિમાના સંદર્ભે વાંચતા - નિહાળતા કેટલુંયે વાંચ્યુ, સાંભળ્યું અને અનહદ આનંદની તરબતર થયો.

૨૦૧૫ની કેન્યામાં યોજાયેલી રામકથામાં પૂજય મોરારિ બાપુએ તત્કાલીન દિવસોમાં નજીક આવી પહેલા ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે વિશ્વના તમામ બુદ્ધ પુરુષોને વંદન કરી કહ્યું હતું કે પ્રશ્ન આવે છે કે ગુરુ કોને કહેવા ? એમણે કહ્યું હતું કે પાંચ વસ્તુઓ સાથે કાયમ સંબંધ રાખે તેને ગુરુ માનજો.

(૧) અગ્નિ તત્ત્વ - જેનો અગ્નિ કાયમ પ્રગટ હો, કારણ કે અગ્નિ પ્રકાશનું, પવિત્રતાનું પ્રતિક છે જે સાધકને જાગૃતિ રાખે છે.

(૨) પવન સાથે - અર્થાત હનુમાનજી - પ્રાણતત્ત્વ - પવન સાથે જોડાયેલું હોય, વાયુ બિનસાંપ્રદાયિક છે તેને બધા ગ્રહણ કરે.

(૩) આકાશ તત્ત્વ - અર્થાત સીમાઓમાં બંધાયેલા ન હોય. અસીમ હોય, સિધ્ધાંતમાં સંકુચિત ના હોય.

(૪) જલ તત્ત્વ - જેની આંખ ભીંજાયેલી હોય, સાધવાની બંદગીથી ભરેલી આંખ હોય.

(૫) પૃથ્વી તત્ત્વ - ઊંચાઈ ગમે તેટલા હોય, ધરતી છોડે નહિ, પાંખ ભળે આવે, ફુલાઈ નહીં.

આવા ગુરુ જયારે જીવનમાં મળે તે અભેદ્ય કવચ આપે છે અને જીવનમાં અજવાળું અજવાળું ફેલાવે છે.

શાયદ કોઈ ખ્વાહિશ રોતી રહતી હૈ, મેરે અંદર બારિશ હોતી રહતી હૈ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આવ ને યાર ! આ ગોરંભાયેલું આકાશ પડું-પડું થતો પણ ન પડતો વરસાદ, અષાઢ ઉચાળા ભરી રહ્યો છે, પણ ધરતી હજી સૂકી છે. નીચેથી કોઈને વરસાદને 'સ્ટેચ્યુ' કહી દીધું છે કે શું ? હું તને 'ગો' કહું છું બસ પણ હવે વરસ. આ એક ઋતુ છે જેમાં વ્યક્તિ પોતાની અભિવ્યક્તિ સરળતાથી વ્યક્ત કરી શકે છે, વર્ષાઋતુમાં, વરસાદમાં મનુષ્ય સૌથી વધુ નિખાલસ, નિર્દોષ અને હળવો હોય છે, એનો તર્ક મારી દૃષ્ટિએ કદાચ એવો હોઈ શકે કે અહંકાર, દ્વેષ, ઈર્ષ્યા, કંટાળો, ઘૃણા, અકથ્ય અકળામણ, આ બધાનું વરસાદમાં પલળીને શરીરથી નીતરતા પાણી સાથે ધોવાણ થતું જતું હોય છે, અને વ્યક્તિ અજબની રાહત અનુભવે છે.

વરસાદ આવે ને એક સાથે ઘણું બધું લઈને આવે છે, અત્યારે મારું શૈશવ મારી સામે રમતું કરી દીધું આ દીંગી ઋતુએ. વર્ષાઋતુ એટલે અમારું સ્વૈચ્છિક વેકેશન. શાળાનો ૧૧ વાગ્યોનો સમય હોય, ૯ કે ૧૦ વાગે વાદળ ઘેરાયેલાં હોય. અમે મનમાં ને મનમાં મેઘને પ્રાર્થના કરીએ કે વરસાદનું ઝાપટું પડી જાય તો સારું, સ્કૂલમાં ગુલ્લી. (આજ બાળપણ પાછળ છૂટી ગયું છે, અને સ્કૂલમાં ભણતો હતો તેમાંથી ભણાવતો થયો છે. પણ આજેય એમ થાય છે. એકાદ ઝાપટું પડે તો... ઊંચાઈ વધી, કદ વધ્યું, જવાબદારીનું ભારણ આવ્યું પણ આજેય પાછું શિશુવત વર્તન કરવાનું મન થઈ આવે છે.)

ખેર ! પણ એ વખતે વરસાદ સાથે મિત્રતા પણ સારી, (એ જૂના સંબંધે જ તેને 'યાર!' સંબોધન કર્યું છે.) ૧૧ વાગ્યા સુધી મુશળધાર વરસતો વરસાદ ૧૧.૩૦ વાગે ઝરમર વરસવા માડે. સ્કૂલે જવાનો તો પછી સવાલ જ ન હોય ! પછી ચાલુ થાય પરાક્રમોની શૃંખલા. ખૂંચામણી રમતા, લોખંડનો સળિયો પોચી માટીમાં ખૂંચવતા અમે કયાંના કયાં ભીના રસ્તાઓ પર છબછબિયા કરતા પહોંચી જતા. રસ્તા પરથી વહેતા પાણીમાં હોડી બનાવી તેને તરતી મૂકવી. એમાં વળી બાજુવાળા ટીન્યા કરતાં મારી હોડી વધારે મસ્ત હોવી જોઈએ, આવી નિર્દોષ સરખામણી કરતા તે દિવસો... આજે લાલ-પીળા રેઈનકોટમાં વાનમાં કે રિક્ષામાં ગૂણો ભરાઈને જતી હોય તેવા શૈશવને કોથળામાં બંધ થયેલું જતું જોઈને મને દયા આવે છે...

ચાલ્યા છો તમે હાથમાં છત્રી લઈ 'આદમ'
વર્ષામાં કર્યો છે તમે વર્ષાનો અનાદર !

- શેખાદમ આબુવાલા

કોઈ વાર એકદમ જ વરસાદ આવી જાય અને બહાર ચોકમાં પડેલી બધી વસ્તુઓ ફટાફટ લઈને અંદર દોડાદોડી કરતા અમે, તો વળી કો'ક વાર સ્કૂલેથી આવતા જાણીને ઝાપટા ઝીલીએ, ભીંજાઈએ, અમે ને અમારું દફતર. મને યાદ છે ઘરે આવ્યા પછી ભીના થયેલ ચોપડા પહોળા કરી કરીને પંખા નીચે સૂકવતા મૂકતા. આઠમા ધોરણમાં નવું - નવું પેનથી લખવાનું ચાલું થયું. કો'કે મનમાં ભરાવ્યું કે ઈન્ક પેનથી લખીએ એટલે અક્ષર સારા થાય. એમાં ને એમાં ગુજરાતી નિબંધની નોટ આખી ભીની થઈને શાહી રંગી નીરલંગી બની ગઈ હતી, એના પાના જો ફ્રેમ કરીને રાખ્યા હોત તો... એમ. એફ હૂસેનના મોર્ડન આર્ટ તરીકે અત્યારે ખપી જાત.

આજે પેલી કચકડાની પટ્ટીની જેમ બધુ રિવાઈન્ડ થાય છે, બધા ચિત્ર જાણે હું સામે નિહાળતો હોઉ તેમ લાગે છે - અરે હા ! પેલા મખમલિયા જીવડા લાલચટ્ટક યાદ છે ! અને ઝાડ પર ઊડતા તીતીઘોડા. એ તીતીઘોડાના એક પગે દોરી બાંધી, દોરીના બીજા છેડે પ્લાસ્ટિકની નાની બેગ લગાવતા, પછી તીતીઘોડા ઊડે એટલે એની પાછળ કોથલીવાળી દોરી ઉડાઉડ થાય, અને અમને લાખ રૂપિયાનો આનંદ મળે.

એક વાર લાલચટક મકમલિયા જીવડાં ખાલી બાકસમાં ભરીને સ્કૂલમાં ગયો હતો. અને બાકસ શરતચૂકથી કલાસમાં ખૂલી ગયું. અને આખા કલાસમાં લાલ-લાલ ચણોઠી જેવા મખમલિયા ફરવા લાગ્યા હતા. (શિક્ષકના દયાભાવને કારણે માર પડતા બચ્યો હતો.) આજે મારી ભત્રીદજીને આ લાલચટ્ટક મખમલિયા બતાવતા, હું ભટકું છું. પણ કોંક્રિટનો ભોરીંગ મારી એ સોનામહોર ગળી ગયો છે.

આ ગોરંભાયેલા ગગનની સાક્ષીએ મિત્રો સાથે યુનિવર્સિટી પાસે ચાલી લારીએ અડધી ચાની ચૂસ્કી માણી છે, વરસાદમાં પલળતા - પલળતા ભાષા ભવનથી છેક મીઠાખણી 'ગુજરાત' ના દાળવટા ઝાપટવા જતા, વરસાદમાં પલળીને પિકચર જોવા ગયાનું યાદ આવે છે, પ્લાસ્ટિકની બેગમાં બીજી કપડાંની જોડ સાથે લઈ જઈને સિનેમા હોલ પર પહોંચીને કોરી જોડ પહેરીને 'જંગલ' જોયાનું યાદ આવે છે.

કદાચ બાળપણની આવી સ્વતંત્રતાએ જ વરસાદ સાથેની દોસ્તીની ગાઢ બનાવી હશે, તે હમણાં એમ.એ.માં મેઘદૂત ભણવાનું આવ્યું ત્યારે ખબર પડી કે અમારી પેલી પ્રાર્થના મેઘ કેમ ઝટપટ સાંભળી લેતો હતો, એ મેઘને તો વર્ષોથી આપણે ટપાલી બનાવ્યો છે. યક્ષના પ્રેમ સંદેશને છેક સ્વર્ગની અપ્સરા સુધી લઈ જાય તો અમારા કાલાવાલા તો તરત સાંભળીને પહોંચાડે ને !

મોટા થતાં સમજાયું કે અનુભૂતિ અને અભિવ્યક્તિને આ વાતાવરણ સાથે ગાઢ સંબંધ છે વરસવા આતુર પણ નહીં વરસેલું આકાશ, ઝરમર ફુંવારા જેવા અમીછાંટલાં, અને ધોધમાર સાંબેલાધાર વરસાદ. મેં તેને જુદા જુદા સમયે, સ્થળે અને અલગ અલગ પરિસ્થિતિઓમાં જોયો છે. એકાન્તમાં અનુભવ્યો છે. આ લખતી વેળા મને આ વાતાવરણ મૌન કરી દે છે.

વરસ્યા વિનાનું ગોરંભાયેલું આકાશ અને મન. એક અકથ્ય મૂંઝવણ, મૂંઝારો કંઈક ડુંમાતું હોય અંદર અંદર... બાળપણ બોલકું હતું, હવે આપણે મૌન રહીએ છીએ. તોલી તોલીને બોલીએ છીએ.

અરે યાર ! વરસ હવે કંટાળો, અકથ્ય અકળામણ વગેરેનું ધોવાણ અટકી રહ્યું છે ત્યાં સુધી અમને જંપ નહીં પડે. જો હું આ લેખ દ્વારા વરસી ગયો - હવે તારો વારો. અમને હળવાફૂલ બનાવ.

રીમઝીમ ગિરે સાવન... સુલગ... સુલગ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

યુવાનો અને ટેકનોલોજીના કોમ્બિનેશનની કમાલ એટલે 'અરબ સ્પ્રિંગ'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અભિવ્યક્તિની આઝાદી લોકતંત્રની બહુ મોટી ભેટ છે. પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અને છેલ્લા એક દશકથી કુદકેને ભુસકે વધેલા સોશ્યલ મીડિયાના વ્યાપે અભિવ્યક્તિને બે નહીં ચાર પાંખો આપી હોય એવું લાગે છે. સોશ્યલ મીડિયાની પ્રચંડ અને અમાપ શક્તિના ચમકારા અવારનવાર જોવા મળ્યા છે. આ શક્તિશાળી માધ્યમે કોઈ ક્રાંતિને સુપરસોનિક વિમાનની ઝડપે ટેકઓફ કરી હોય એવું ઉદાહરણ 'અરબ સ્પ્રિંગ'નું છે.

'અરબ સ્પ્રિંગ'માં સોશ્યલ મીડિયાની ભૂમિકાની વાત નિકળે અને ઈજીપ્તનો ૨૦૧૦નો કિસ્સો ન યાદ કરાય તો 'અરબ સ્પ્રિંગ'ની વાત અધુરી લાગે. ગોમીન નામનો એક ઈજિપ્શિયન લબરમુછીયો યુવાન ગુગલની દુબઈ ઓફિસમાં કામ કરતો હતો. એણે નેટ ઉપર ખાલીદ સઈદ નામના ૨૮ વર્ષના યુવાનની એવી તસવીર જોઇ કે જેમા એને ઈજિપ્તના સુરક્ષાના જવાનો માર મારી રહ્યા હતા અને અંતે એનું મૃત્યુ થયું. ગોમીન હચમચી ગયો. એણે ફેસબુક ઉપર એક પેજ બનાવી સઈદનો ફોટો મૂકી લખ્યું 'આજે એ લોકોએ ખાલીદને માર્યો, કાલે તમારો કે મારો વારો હોઈ શકે છે...' ગોમીને એના એફબી પેજનું નામ આપ્યું 'કુલ્લેના ખાલીદ સઈદ' એટલે 'આપણે બધા ખાલીદ સઈદ છીએ...'

ગોમીને આ પેજ બનાવ્યાની સાથે માત્ર બે જ મિનિટમાં ૩૦૦ લોકો એના એફબી પેજ સાથે જોડાયા. બે - ત્રણે માસમાં ગોમીનના 'કુલ્લેના ખાલીદ સઈદ' એફબી પેજની સાથે ત્રણ લાખ ઉપરાંત લોકો જોડાઈ ગયા. આ ટોળું માર્ગ ઉપર આવી ગયું. ઈજીપ્તના કૈરોના શહેરનુ તહરીર સ્કવેર ખુબ પ્રચલીત સ્થળ છે. ત્યાં પ્રચંડ માનવ મહેરામણ ઉમટી પડ્યો અને એક રેલી નીકાળી. એફબી પેજમાંથી ભભુકેલી આ ક્રાંતિની આગ એટલી જબરજસ્ત હતી કે, અંતે ઈજિપ્તના શાસક હોશની મુબારકે સત્તા છોડીને ભાગવું પડ્યું.

'અરબ સ્પ્રિંગ' ક્રાંતિની સૌથી ધ્યાનાકર્ષક બાબત એ છે કે, એનો ઈતિહાસ બહુ જુનો નથી એટલે ૩૦થી ૩૫ વર્ષના યુવાનોની નજર સામે બનેલી ક્રાંતિની આ ઘટના છે. વળી અરબ સ્પ્રિંગનું બીજું મહત્વનું પાસું એ પણ છે કે, આ ક્રાંતિનો કોઈ એકાદ બે કે પાંચ પચીસ નેતા ન હતા એને સોશ્યલ મીડિયાએ વ્યવસ્થિત રીતે હવા આપવાનુ કામ કર્યું હતુ. પરિણામે અરબ સ્પ્રિંગને દબાવી દેવાની વાત અઘરી બની ગઈ હતી. ભારતની ૧૮૫૭ની મંગળ પાંડે દ્વારા શરૂ કરાયેલી ક્રાંતિ હોય કે ૧૭૮૫ની અમેરિકાને મુક્ત કરવા આરંભાયેલી ક્રાંતિ હોય, ૧૬૮૮ની બ્રિટીશ ક્રાંતિ હોય કે ૧૮૩૦ની જર્મન ક્રાંતિ હોય તમામ ક્રાંતિના મૂળમાં નિષ્ઠુર અને લાલચી શાસકોની બેરહમ આપખુદશાહી રહી છે. જુલ્મ અને ભ્રષ્ટ શાસક સામે સ્વતંત્ર વિચારો સહજ રીતે લોકોને આકર્ષિક કરી એકત્રીત કરે છે. પરિણામે સમૂહની તાકાત સરમુખત્યાર અત્યાચારીઓની સત્તાના પાયા હચમચાવી કાઢે છે.

ગુજરાત કરતાં ઓછો ભૌગોલિક પ્રદેશ ૧૬૫ હજાર ચોરસ કિલો મીટરમા પથરાયેલા લીબીયા પાસે આવેલા એક ટચુકડા દેશ ટ્યુનીશિયાથી 'અરબ સ્પ્રિંગ'ની શરૂઆત થઈ. ટ્યુનીશિયાની વસતી ગુજરાત કરતાં છઠ્ઠા ભાગની એટલે માત્ર એક કરોડ વીસ લાખની છે. પછી તો સોશ્યલ મીડિયા દ્વારા મિસ્ર, લીબીયા, યમન, બરહીન, સીરીયા, અલ્જીરીયા, ઈરાક, જોર્ડન, મોરોક્કો, સુદાન, ઓમાન, સાઉદી અરબ વગેરે દેશોમાં સ્વતંત્રતા અને આઝાદી માટે ક્રાંતિ દાવાનળની જેમ ફેલાઈ ગઈ. ખાડી દેશોમાં ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘન તથા શોષણના કારણે લોકોમાં જબ્બર આક્રોશ હતો. બેરજોગારીની માત્રા અતિશય વધુ હતી. યુવાનો પાસે કામ ન હતું. શાસકોના જુલ્મો સિતમ અને આઝાદીના વિચારોનો સમન્વય થતાં આરબ દેશોમાં ક્રાંતિની આગ જબરજસ્ત રીતે ભડકી. 'અરબ સ્પ્રિંગ'માં ૧,૭૦,૦૦૦થી વધુ લોકોના મોત થયા.

'અરબ સ્પ્રિંગ'ની પાયામાં સોશ્યલ મીડિયાનો મહત્વનો રોલ એટલે કહેવાય છે કે, 'એકશન રીએકશન' ફિલોસોફીમાં સોશ્યલ મીડિયાની ઝડપી સંદેશા પહોંચાડવાની પ્રક્રિયાએ તેમાં મોટો ભાગ ભજવ્યો. ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ પોલિટિકલ ઈસ્લામ પ્રોજેક્ટના સંશોધન અહેવાલના તારણોમાં જણાવાયું છે કે, અરબ સ્પ્રિંગની સફળતામા સોશ્યલ મીડિયાની પોસ્ટસે વાસ્તવિક ધરા ઉપર રાજકીય ચર્ચામાં વમળો સર્જવામાં કેન્દ્રીય ભૂમિકા ભજવી હતી. દુબઈ સ્કૂલ ઓફ ગવર્નમેન્ટે કરેલા અભ્યાસના તારતમ્યોમાં પણ અરબ સ્પ્રિંગમાં ઈન્ટરનેટ અને સોશ્યલ મિડીયાનો સૌથી મોટો પ્રભાવ હોવાની વાતને સમર્થન આપવામાં આવ્યું છે. અભ્યાસમાં જણાવાયું છે કે, કેટલાક અરબ રાષ્ટ્રોમાં સરકારે સોશ્યલ મીડિયામાં લોકોને સરકારી નીતિઓ અંગે ચર્ચામાં જોડવામા આવ્યા હતા. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં કેટલાક સમય માટે ઈન્ટરનેટ ટ્રાફિક ઉપર બાજ નજર રાખવામાં આવી હતી. આની સાથો સાથ કેટલીક વેબસાઈટ અને નેટ ઉપરના પ્રતિબંધો પણ મુકવામાં આવ્યા હતા. આ બધા પગલાંઓએ સંબંધિત કેટલાક રાષ્ટ્રોમાં અરબ સ્પ્રિંગની આગને ફેલાતી અટકાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

'અરબ સ્પ્રિંગ'ના મૂળમાં યુવાનોની તાકાત રહેલી છે. યુવાનોને ટેકનોલોજી સૌથી વધુ આકર્ષે છે. સોશ્યલ મીડિયાની ફાસ્ટ કોમ્યુનિકેશન સ્કીલે આ દશકની ક્રાંતિને ટેકનોલોજીની જીત તરીકે બિલકુલ એસ્ટાબ્લિશ કરી દીધી. કાર્લ માર્કસના શબ્દોમાં કહીએ તો, દરેક ઈતિહાસની ગાડીને વિચારધારાની ક્રાંતિનુ શક્તિશાળી એન્જિન જ ખેંચતુ હોય છે. ક્રાંતિ માનવજાતિનો મૂળભૂત સ્વભાવ છે. સ્વતંત્રતા ક્યારેય ખતમ ન થાય તેવો જન્મસિદ્ધ અધિકાર છે. 'અરબ સ્પ્રિંગ' યુવાનો અને ટેકનોલોજીના કોમ્બિનેશનનું ઉત્તમ ઉદાહરણ છે.

ધબકાર :

સોશ્યલ મીડિયાનો સમજપૂર્વકનો ઉપયોગ ઈતિહાસ રચવાનુ સામર્થ્ય ધરાવે છે અને એનો બેજવાબદારીપૂર્વકનો ઉપયોગ વિનાશ પણ નોતરી શકે છે.